# જીટીયુ દ્વારા ૧૯૦ કોલેજને નોટિસ અપાતા ખળભળાટ

## ઇન્સ્પેક્શન પ્રક્રિયામાં ખામીઓ જણાશે તો નો એડમિશન ઝોન તેમજ સીટો ઘટાડાશે : કોલેજોમાં સ્ટાફનો અભાવ

અમદાવાદ, તા.૧૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(જીટીયુ) દ્વારા રાજ્યની ૧૯૦ જેટલી કોલેજોને નોટિસ ફટકારવામાં આવી છે. કોલેજોમાં સ્ટાફ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લેબોરેટરીની સુવિધાઓનો અભાવ જોવા મળ્યો હતો. જેને પગલે જીટીયુએ આ ૧૯૦ કોલેજોને નોટિસ ફટકારતાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. જીટીયુ દ્વારા આ તમામ કોલેજોને તાકીદે કોલેજોમાં અસુવિધાન અને ખામીઓનું નિવારણ કરવા કડક આદેશ કર્યો છે. દરમ્યાન જીટીયુના વાઈસ ચાન્સેલર નવીન શેઠે જણાવ્યું હતું કે, રાજ્યની ૪૫૨ કોલેજોની પાસે તેમની ઓનલાઈન વિગતો મંગાવવામાં આવી હતી. જેમાં ૧૯૦ જેટલી કોલેજોમાં કેટલીક અસુવિધા અને ખામીઓ જણાતા તેમને નોટિસ ફટકારવામાં આવી છે. આ ખામીઓને દૂર કરી એફિડેવિટ રજૂ કરવા જણાવ્યું હતું. ખામીયુક્ત કોલેજોમાં ઈન્સ્પેક્શન શરૂ કરવામાં આવ્યું છે. આ તમામ કોલેજોમાં તા. ૩૧ મે સુધી ઈન્સ્પેક્શન પ્રક્રિયા પૂર્ણ થશે. જો ઈન્સ્પેક્શન બાદ રિપોર્ટમાં સુવિધાઓમાં સુધારો કરવામાં નહીં આવ્યો હોય અને ખામીઓ ધ્યાન પર આવશે તો કોલેજોને નો એડમિશન ઝોન જાહેર કરી તેમજ સીટો ઘટાડવા સુધીના પગલા લેવામાં આવશે.

વિદ્યાર્થીઓના હિતમાં જીટીયુ દ્વારા આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, જીટીયુના નિર્ણયને લઈ શિક્ષણજગતમાં એકબાજુ, જીટીયુ સત્તાવાળાઓની પ્રશંસા થઈ રહી છે તો બીજીબાજુ, કોલેજ વર્તુળમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધા ઉપરાંત, શૈક્ષણિક, ટેકનીકલ અને વહીવટી ખામીઓ સહિતની ક્ષતિઓ સામે આવતાં આ કોલેજો વાંકમાં સપડાઈ છે, પરિણામે હવે જીટીયુએ સમગ્ર મામલે કડક વલણ અપનાવી કોલેજોને નોટિસ ફટકારી કડક તાકીદ કરી છે.

### ખંભીસર વરઘોડા વિવાદ મામલે બે આરોપીઓની ધરપકડ

અરવલ્લીના મોડાસાના ખંભીસર ગામમાં અનુસૂચિત જાતિના સમાજના વરઘોડા મામલે ભારે વિવાદ થયો હતો. જેમાં પથ્થરમારો થતાં ૧૦થી વધુ લોકોને ઈજા થઈ હતી. આ મામલે ખંભીસર વરઘોડા વિવાદ મામલે રેન્જ આઈજીએ પ્રેસ કોન્ફરન્સ કરીને મીડિયાને માહિતી આપીને જણાવ્યું કે, આ ઘટનામાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર મામલે ભાવેશ પટેલ અને હસમુખ પટેલની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય આરોપીઓ માટે કોમ્બિંગ ચાલુ છે.

આ મામલે આઈજી મયંકસિંહ ચાવડાએ જણાવ્યું કે, ઘટનાને પગલે બંદોબસ્ત યથાવત છે. દલિત આગેવાનોની મુલાકાતને પગલે બંદોબસ્ત નથી, ખંભીસરમાં શાંતિ જાળવવાની પ્રાથમિકતા છે. જ્યારે આરોપીઓ ગામ છોડી ભાગી ગયા છે.

# દલિતો પર અત્યાચાર પ્રશ્ને રાજયપાલ સમક્ષ કોંગ્રેસ દ્વારા ઉગ્ર રજૂઆત

## કોંગ્રેસના ધારાસભ્યો સહિતના નેતાઓએ રાજયપાલને રૂબરૂ મળી રજૂઆત સાથે આવેદનપત્ર પણ સુપ્રત કર્યુ

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં દલિતોને લગ્નપ્રસંગમાં વરઘોડો નહી કાઢવા દઈ સામાજિક બહિષ્કારના વકરેલા વિવાદ વચ્ચે આજે વિપક્ષ કોંગ્રેસ દ્વારા ગુજરાતના રાજયપાલને રૂબરૂ મળી આ ગંભીર અને સંવેદનશીલ મુદ્દે ઉગ્ર રજૂઆત કરી હતી.

કોંગ્રેસના નેતાઓ દ્વારા રાજયમાં દલિતો પર થઈ રહેલા અત્યાચાર મામલે રાજય સરકાર દ્વારા તાત્કાલિક કાર્યવાહી થાય અને યોગ્ય પગલા લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વિપક્ષ કોંગ્રેસ તરફથી આ મુદ્દે રાજયપાલને આવેદનપત્ર પણ સુપ્રત કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહમાં અરવલ્લીના મોડાસાના ખંભીસર, કડીના લ્હોર, પ્રાંતિજના બોરીયા, વડાલીના ગાજીપુર સહિતના ગામોમાં દલિતોના લગ્નપ્રસંગ દરમ્યાન વરઘોડો નહી કાઢવા દઈ સ્થાનિક ગ્રામજનો દ્વારા દલિતોનો સામાજિક બહિષ્કાર કરવાનો મામલો હવે વધુ ગરમાયો છે.

આજે વિપક્ષ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી, પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા સહિતના અનેક કોંગ્રેસની ધારાસભ્યો અને



નેતાઓ રાજયપાલ ઓ.પી.કોહલીને રૂબરૂ મળ્યા હતા અને સમગ્ર મામલાની ગંભીરતા અને સંવેદનશીલતા ધ્યાને મૂકી સરકાર દ્વારા આ કિસ્સાઓમાં તાત્કાલિક પગલાં લેવાય અને યોગ્ય કાર્યવાહી થાય તે માટેની માંગણી કરી હતી. વિપક્ષ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોમાં દલિતો પર અત્યાચારની જે ઘટનાઓ સામે આવી છે, તે નિંદનીય અને ગુજરાતના ગૌરવને કલંકિત કરનારી છે. આ તમામ ઘટનાઓમાં સરકાર અને પોલીસ તંત્રની મિલીભગત સામે આવી છે. વાસ્તવમાં સરકાર દ્વારા આરોપીઓને છાવરવામાં આવી રહ્યા છે. આ કમળની સરકાર એટલે, કૌભાંડોની સરકાર છે.

ભાજપ સરકાર ગુજરાતમાં સમાજ અને જાતિઓમાં ઝેર ઘોળવાનું પાપ કરી રહી છે. તેમણે ખાતર કૌભાંડમાં પણ સરકાર દ્વારા ન્યાયિક તપાસ થાય તે માટેની માંગણી કરી હતી. દરમ્યાન ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે પણ દલિતોનો મુદ્દો વિધાનસભા સત્રમાં ઉછાળવાની વાત પણ કરી હતી. સાતવે જણાવ્યું કે, ભાજપ સરકાર માત્ર દલિત હિમાયતી હોવાનો દાવો કરે છે પરંતુ વાસ્વતમાં ભાજપના જ ઈશારે દલિતો પર અત્યાચાર થઈ રહ્યા છે. આ સરકાર દલિત વિરોધી સરકાર છે. કોંગ્રેસ આગામી વિધાનસભા સત્રમાં આ સમગ્ર મુદ્દો વિધાનસભામાં ભારે ઉગ્રતા સાથે ઉઠાવશે.

### કાપડની દુકાનમાં જ વેપારીએ પોતાને આગ ચાંપતા અરેરાટી વ્યાપી

સુરેન્દ્રનગર,તા.૧૫

સુરેન્દ્રનગરમાં વેપારીએ કપડાના શોરૂમમાં બંધ થઈને જાત જલાવી હતી. દુકાનમાંથી નીકળતા ધૂમાડાને જોઈને લોકોએ દુકાનનું શટર તોડીને સાવ બળીને ખાખ થયેલા યુવકને બહાર કાઢવામાં આવ્યો હતો. અને તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે, તેના આપઘાતનું કારણ અકબંધ હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

મળતી માહિતી પ્રમાણે સુરેન્દ્રનગરમાં બુધવારે માર્કેટમાં આવેલા કાપડના શો રૂમમાં બંધ થઈને પોતાની જાત જલાવી હતી. જેના પગલે દુકાનમાંથી ધૂમાડા નીકળતા આસપાસના વેપારીઓએ શટર તોડીને બળેલા વેપારીઓને બહાર કાઢવામાં આવ્યો હતો.




**એસજેપીઆઈ-એનઆઈસીએમની સિદ્ધિ**

ગાંધીનગરના પ્રવેશદ્વારે ચ-૦ સર્કલ નજીક સ્થિત શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ-એનઆઈસીએમ દ્વારા છેલ્લા ૪ વર્ષથી વિદ્યાર્થીઓને સો ટકા પ્લેસમેન્ટની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. વળી, પ્લેસમેન્ટમાં ૬૫ કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓને રૂ. ૪ લાખથી રૂ. ૧૦ લાખ સુધીના પેકેજ ઓફર કરાયાં છે. છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત સંસ્થાની આ સિદ્ધિને સંસ્થાના ડાયરેક્ટર ડૉ. બી.કે. નિર્મલ તથા પ્લેસમેન્ટ હેટ યસ ભટ્ટ દ્વારા જાહેર કરી વિદ્યાર્થીઓને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### ફિફાએ ટ્રાન્સસ્ટેડિયા સ્ટેડિયમની મુલાકાત લીધી

૨૦૨૦માં ભારતમાં ફીફા અંડર-૧૭ મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ યોજાવાનો છે. સુત્રો મુજબ વર્લ્ડ કપની કેટલીક મેચો અમદાવાદમાં પણ રમાશે, આંતરરાષ્ટ્રીય ફૂટબોલના સંચાલક મંડળ ફીફા સેમિફાઈનલ સહિતની કેટલીક મેચો અમદાવાદમાં યોજવા તૈયારી દર્શાવી છે. ફીફાની જરૂરિયાત અંગે ગાંધીનગરના અધિકારીઓ મદદ કરવાની તૈયારી બતાવી હતી. અમદાવાદમાં જો આ પ્રકારનું આયોજન થાય તો આંતરરાષ્ટ્રીય સ્તરની ફૂટબોલ ટૂર્નામેન્ટનું યજમાન બનશે.

# રાજ્યમાં પાણીનો બગાડ રોકવા હવે મીટર લગાવવા વિચારણા

## રાજ્યના ૮ મહાનગર, ૨૫૦થી વધુ નપાઓ, ૧૮ હજાર ગામમાં મીટર લગાવવા માટે તખ્તો તૈયાર થઇ રહ્યો છે

ગાંધીનગર,તા. ૧૫

રાજ્યમાં પાણીની અછત સર્જાતા હવે પાણીના કરકસરયુક્ત વપરાશ અને વેડફાટ અટકાવવા માટે સરકાર પાણીની બલ્ક લાઈનમાં મીટર લગાવવા તરફ ગંભીર વિચારણા હાથ ધરી રહી છે. રાજસ્થાનનું મોડેલ ગુજરાતમાં અમલી બનાવવા સરકાર વિચારણા કરી રહી છે. પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અધિકારીઓની ટીમ સાથે બે દિવસમાં રાજસ્થાનની મુલાકાતે જશે અને ત્યાંની પદ્ધતિનો અભ્યાસ કર્યા બાદ ગુજરાતમાં કેવી રીતે આગળ વધી શકાય તેનો એક્શન પ્લાન તૈયાર કરશે. રાજ્યમાં અગાઉ પણ પાણીના મીટરો લગાવવા માટે પ્રક્રિયા શરૂ કરાઈ હતી, પરંતુ લોક વિરોધના ડરથી સરકારે તે પડતી મૂકી હતી. હવે પાણીની સતત રહેતી અછતને પહોંચી વળવા માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા ફરી કવાયત હાથ ધરાઈ છે.

કુંવરજી બાવળિયાએ આ અંગે જણાવ્યું હતું કે, પાણીના કરકસરયુક્ત વપરાશ માટે મીટર હોય તે જરૂરી બન્યું છે. રાજસ્થાનના જોધપુરમાં કેટલાક ઝોનમાં મીટર પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે. ત્યાં કેવી અસર છે, કેટલી સફળતા મળી છે અને કઈ પદ્ધતિથી પાણી પુરવઠો અપાય છે અને કેવી રીતે વસૂલાત થાય છે તે તમામ બાબતનો રૂબરૂ જઈને અભ્યાસ કરાશે. તે પછી ગુજરાતમાં અમલીકરણ અંગે વિચારણા હાથ ધરાશે. રાજ્યના ૮ મહાનગરો, ૨૫૦થી વધુ નગરપાલિકાઓ અને ૧૮ હજાર જેટલા ગામમાં મીટર લગાવવાનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. તે પછી શહેર અને ગામમાં ઘરે ઘરે મીટર લગાવવાનો નિર્ણય જે તે મહાપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયતની રહેશે. પાણીનો જથ્થો મળ્યો નથી તેવી રજૂઆત સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરફથી થતી હોય છે જેના કારણે વિવાદ સર્જાય છે. મીટર મૂકાવાથી આ વિવાદનો પણ અંત આવશે. લોકો પણ પાણીની કિંમત સમજતા થશે તે સરકારનો મુખ્ય હેતુ છે.

# ટોટાણા ધામના સંત સદારામ બાપાના અંતિમ સંસ્કારમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતી

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્તર ગુજરાતનાં કાંકરેજના ટોટાણા ધામના સંત સદારામ બાપાના અંતિમ સંસ્કારમાં ઉપસ્થિત રહી અંતિમ દર્શન કરી હૃદયાંજલિ પાઠવી હતી.

સદારામ બાપાની પાલખીયાત્રા અને અંતિમ સંસ્કાર વિધિમાં લાખોની સંખ્યામાં જોડાયેલા શોકમગ્ન અનુયાયીઓ સાથે મુખ્યમંત્રી પણ સહભાગી થયા હતા.

વિજયભાઈ રૂપાણીએ સદારામ બાપાને શોકાંજલિ આપતાં કહ્યું કે, ૧૧૧ વર્ષની વયે દેહવિલય પામેલા સદારામ બાપાની વિદાયથી રાજયમાં એક મોટી સંતશકિતની ખોટ પડી છે. સમગ્ર ગુજરાત માટે આજે દુઃખનો દિવસ છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ગરીબ, પીડિત, શોષિત સમાજના ઉત્કર્ષ, વ્યસનમુકિત માટે તથા આવા પરિવારોને ધર્મ-સંસ્કારના માર્ગે વાળવા આજીવન સદૈવ કાર્યરત રહેલા સદારામ બાપા જેવા સંતોના યોગદાનથી ગુજરાત ઉજળું છે.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે આપણી સંસ્કૃતિમાં આત્મા અમર છે તેવી માન્યતા છે ત્યારે પૂજ્ય સદારામ બાપુ જેવા સંત કોટિનો અમર આત્મા સદાય આપણા સૌ પર આશિષ વરસાવતો રહેશે.

તેમણે સંત સદારામ બાપાને માત્ર ઠાકોર સમાજ કે પછાત વર્ગોના જ નહિ, તમામ સમાજ માટે પથદર્શક સંત તરીકે નવાજીને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

સદારામ બાપાના આ અંતિમ સંસ્કાર વેળાએ વિશાળ સંખ્યામાં અનુયાયીઓ, ઉત્તર ગુજરાતના ગામોમાંથી ભકત સમુદાય, વિવિધ રાજકીય અગ્રણીઓ અને સમાજ સેવીઓ પણ જોડાયા હતા. સૌએ પૂજ્ય સદારામ બાપાના અંતિમ દર્શન કરી ભાવાંજલિ આપી હતી.

### ઉકાઈ ડેમના કેચમેન્ટમાં પાણી ઘટતા ૧૭મી સદીનો કિલ્લો દેખાયો

તાપી,તા.૧૫

તાપી જિલ્લામાં આવેલા ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં પાણીનું સ્તર ઘટતા ઉકાઈ ડેમના પાણીમાં ગરકાવ થયેલો ૧૭મી સદીનો ગાયકવાડ રાજા વખતનો કિલ્લો મેં મહિનામાં પહેલાવાર દેખાયો હતો. ચાલું વર્ષે પ્રથમ વખત આ કિલ્લો દેખાયો હતો. સુત્રોના જણાવ્યા પ્રમાણએ કિલ્લાના ટોચના ભાગે તોપો, દીવાલ દેખાય છે. અત્યારે ઉકાઈ ડેમની સપાટી ૨૮૦.૯૧ ફૂટ છે જે ગત વર્ષની સરખામણીમાં ૧૩.૮૮ ફૂટ જેટલી ઓછી છે. ગત વર્ષે આજની તારીખનું લેવલ ૨૯૪.૭૯ ફૂટ હતું. ગાયકવાડ કિલ્લાને જોવા આવતા લોકો માટે ગત વર્ષોમાં વહીવટી તંત્ર દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. આ અગાઉ વર્ષ ૨૦૧૬માં કિલો જોવાં આવેલા એક તરુણનું કેચમેન્ટ એરિયામાં ડૂબી જવાથી મોત થયું હતું. વર્ષ ૨૦૧૬માં તંત્ર દ્વારા કેચમેન્ટ એરિયામા ૭૦થી ૮૦ ફૂટ ઉડાઈ હોવાને લઈને પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ કિલ્લો પ્રથમ વખત ૧૯૯૭માં પહેલીવાર દેખાયો હતો. ત્યારબાદ ૨૧ જૂન ૨૦૧૬માં અને ૭ જૂન ૨૦૧૮માં ફરી દેખાયો હતો.



મજૂર મહાજન સંઘ, અમદાવાદના નેજા હેઠળ અસંગઠીત કામદારો તેમજ મહિલા કામદારો 'જીવન રક્ષક કામદાર યુનિયન'ની ઓફિસનું ઉદ્‌ઘાટન રીલાયન્સ ઈન્ડ. લિ.ના વાઈસ પ્રેસીડેન્ટ, ભારત સરકારના ઈ.એસ.આઈ. કોર્પોરેશનના રીજીઓનલ બોર્ડ મેમ્બર તેમજ સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક, શાહીબાગના સી.ઈ.ઓ. એસ.ટી. દેસાઈના હસ્તે કરવામાં આવ્યુ હતુ. જેમાં મજૂર મહાજન સંઘના પ્રમુખ રમણભાઈ પટેલ, વાસુદેવ ઠાકર પ્રખ્યાત એડવોકેટ ઝવેરભાઈ દેસાઈ, કાન્તીભાઈ અને અરવિંદભાઈ બાવા ઉપસ્થિત રહ્યા હતા. તથા મજૂર મહાજન સંઘના કારોબારીના સભ્યો તેમજ અન્ય મહિલાઓ સહિતના કાર્યકર્તાઓએ વિશાળ સંખ્યામાં હાજર રહી અસંગઠીત કામદારોના હિતો માટે શુભેચ્છા પાઠવી હતી.

# કારકિર્દીના ઊંબરે પુસ્તકનું કોંગ્રેસ દ્વારા લોંચિંગ કરાયુ

અમદાવાદ,તા.૧૫

કારકિર્દી ઊંબરે ધોરણ ૧૨ પછી શું માર્ગદર્શન ઈ-બુકનું વિમોચન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ધોરણ-૧૨ પછી જીવનની પ્રગતિ માટે અભ્યાસક્રમોની પસંદગી અતિ આવશ્યક બની જાય છે. હાલના સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પોતાની ક્ષમતા અનુરૂપ અભ્યાસક્રમ પસંદ કરી શકે અને તેમાં અસરકારક દેખાવ કરે એ માટે સતત ચૌદમાં વર્ષે કારકિર્દી માર્ગદર્શન પુસ્તકથી માહિતી આપવાનો કોંગ્રેસ પક્ષ દ્વારા આ સંનિષ્ઠ પ્રયત્ન છે. કારકિર્દીના અતિ મહત્વના વર્ષ એવા ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળતા મેળવનાર સહુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને હાર્દિક અભિનંદન ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ અને તેમના વાલી સતત મહેનત કરીને સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. જે તે સરકારની જવાબદારી છે કે, વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આગળના અભ્યાસક્રમ માટે યોગ્ય માર્ગદર્શન પુરુ પડે, પરંતુ તેમ કરવામાં રાજ્યની ભાજપ સકરા સંદતર નિષ્ફળ નીવડી છે. દેશના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ એવી કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકાર પ્રજાની હિતાર્થે રાઈટ ટુ એજ્યુકેશન નો કાયદો લાવી, સાક્ષર ભારતના નિર્માણ માટે અનેક યોજનાઓ અમલમાં મુકી અને યોજનાઓના અમલીકરણ માટે મોટા પ્રમાણમાં નાણાની ફાળવણી પણ કરી, પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગમાં ચાલતા મોટા ભ્રષ્ટાચારથી વિદ્યાર્થી જગતને તેના લાભ પૂરતા પ્રમાણમાં મળતો નથી. કારકિર્દિના ઊંબરે ધોરણ ૧૨ પછી શુ કારકિર્દી માર્ગદર્શન પુસ્તક તૈયાર કરનાર કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, ડૉ. વિજય દવે, નિશીત વ્યાસ, કિર્તન જાની અને હિરેન બેન્કરને કોંગ્રેસ પક્ષ તરફથી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૨ પછી શુ કારકિર્દી માર્ગદર્શન ઈ-બુકનું વિમોચન પ્રસંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા પરેશ ધાનાણીએ શુભેચ્છા પાઠવી હતી.

### વિદ્યાર્થીઓ ન મળતા જીટીયુ સંલગ્ન છ કોલેજો બંધ કરાશે

અમદાવાદ,તા.૧૫

વિદ્યાર્થીઓ નહી મળવાના કારણે અને કોલેજ ટકાવી રાખવા મુદ્દે કફોડી હાલત ઉભી થતાં રાજયની ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી(જીટીયુ) સંલગ્ન બે ફાર્મસી અને બે એમબીએ કોલેજ સહિત કુલ છ કોલેજો ટૂંક સમયમાં જ બંધ થઈ જશે.

ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી અને એન્જિનિયરિંગની છ કોલેજોએ પોતાના અભ્યાસક્રમ બંધ કરવા માટે યુનિવર્સિટીને ક્લોઝર નોટિસ મોકલી છે. વિદ્યાર્થીઓ નહી મળતાં આ કોલેજોએ તેમની કોલેજ બંધ કરવા માટે ક્લોઝર નોટિસ પાઠવી છે. એકસાથે છ કોલેજો બંધ થવાના આરે આવીને ઉભી હોવાથી શૈક્ષણિક સ્થિતિનો સાચો ચિતાર સામે આવ્યો છે. રાજયની જીટીયુ સંલગ્ન જે છ કોલેજો બંધ થવાની છે, તેમાં મહેસાણા અને હિંમતનગરની ફાર્મસી અને સિધ્ધપુર તથા જૂનાગઢની મેનેજમેન્ટ કોલેજનો સમાવેશ થાય છે. જ્યારે રાજકોટની એમસીએ અને ગાંધીનગરની એન્જિનિયરિંગ કોલેજને પણ તાળા વાગશે.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

નૃત્યમુદ્રાઓમાં નાચતાં જોઈ રહ્યા છો. રાત હોય તો તમને આ કલાકારોનો એક ખાસ નાચ , નાગિન નાચ જોવા મળે. અત્યારે ખરો બપોર હોવાથી આ નૃત્ય તમને નિહાળવા મળશે નહીં. જો કોઈ આવું નૃત્ય પ્રદર્શીત કરવાની હિમ્મત કરે તો રસ્તો સરસ ગરમ થયો હોવાથી નાગણનો અસલી તલસાટ જોવા ચોક્કસ મળે.પણ જેવા તમારા નસીબ ! પણ જાન રાજમાર્ગ પર આવતાં ઘરડાં ખોખાં ઢીલા પડી જાય છે એમાં મોટાભાગના પેલી પહેલી કેટેગરીમાં આવે છે. પણ આ ઘરડા ખોખાઓનો જાનમાં અને રાજકારણમાં ભારે ત્રાસ હોય છે. એ લોકો પોતે તો કશું કરી શકતા નથી, અને તમારા જેવા ઉત્સાહી તાનૈયાઓને મોકળા મને નાચવા દેતા નથી. એમને મૂહુર્તની ભારે ચિતા કાયમ સતાવે છે. ભાર્ગવના પિતાને તો વેવાઈના બેત્રણ ફોન પણ આવી ગયા હશે.

હાશ, આખરે જાન માંડવે પહોંચી ગઈ. માંડવાવાળાએ એક જૂનુંપુરાણું હિંદી ઉપાડ્યું. “ રાજાકી આયેગી બારાત.” હવે આવા ગીતમાં તાનૈયાઓએ નાચ કઈ રીતે કરવો ? ભાર્ગવ ઘડીક ગાડીમાંથી ઉતરી આ નૃત્યમાં સામેલ થવા માંગતો હતો. એનોય મુડ બગડી ગયો. હવે ભાર્ગવભાઈને ગમે કે ના ગમે ( વરરાજો હોય તો એની વહુનો, આપણે કેટલી સાડાબાર ?) જૂના ગીતો હિંદી હોય કે ગુજરાતી એને થોડાં ભૂલવા દેવાય ? વાહ ! ચાલો તો તમને એક જૂનું ગુજરાતી લગનગીત જ સંભળાવી દઉં. પહેલાના જમાનામાં વરરાજા છેક લગ્નમંડપમાં આવે ત્યારે એની જીવનસખીને પહેલીવાર જોતો હતો. કન્યા પણ પોતાના જીવનસાથીને માંડવામાં ઘુંઘટની આડમાંથી મહાપરાણે અલપઝલપ ભાળી શકતી હતી. જાન પાદરમાં આવીને બેઠી હોય ત્યારે આ કન્યાને પોતાનો ભરથાર જોવાનું મન થાય છે એ કેવી રીતે એને જોવા જાય ?

મરઘાનેણીનો વર ઉતર્યો વાડીએ રે !
હું તો શેને રે મશે જોવા જાઉં રે !
સંઘાડે ઉતાર્યો રા'નો ઢોલિયો !
હું તો હાથમાં તે લઉ લાલ લાકડી રે !
હું તો ગોવાળીની મશે જોવા જાઉં રે !
હું તો હાથમાં તે લઉં ફૂલછાબડી રે
હું તો માળીડાની મશે જોવા જાઉં રે
હું તો હાથમાં તે લઉં જળબેડલું રે
હું તો પાણીલાની મશે જોવા જાઉં રે.
હું તો હાથમાં તે લઉં ઝમરખ-દીવડો
હું તો પોંખનારીની મશે જોવા જાઉં રે !

### બસો દોડશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેટરી ચાર્જીંગ માટે સ્ટેશન બનાવવા માટે ગતિવિધિઓ હાથ ધરાઈ છે. જયારે આ મામલે સંબંધિત એજન્સીએ સ્થળ નિરિક્ષણ કરી કામગીરી હાથ ધરવા માટે પણ આયોજન કરી દીધુ છે. અગાઉ એસ ટી ડેપોમાં સી એન જી બસો દોડતી હતી. જયારે ત્યારબાદ નવી ડિઝલ એન્જિનની બસો પણ હાલ જોવા મળી રહી છે.જયારે હવે બેટરી સંચાલિત બસો પણ શહેરી બસ સેવાના રૂટમાં દોડતી થાય તે માટે તૈયારી કરવામાં આવી રહી છે. જેના લીધે હરિયાળા ગાંધીનગરમાં પ્રદુષણની સમસ્યા પણ હળવી થશે તેમ મનાઈ રહ્યુ છે.

### ડિફેન્સ યુનિટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. પોકમાં પાકિસ્તાને ભારતીય સરહદ પર જવાનોની સંખ્યાને વધારી દીધી છે. અલબત્ત થોડાક સમયમાં તેના દ્વારા સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો છે. હજુ પણ પાકિસ્તાને ૧૨૪ આર્મર્ડ બ્રિગેડ, ૧૨૫ આર્મર્ડ બ્રિગેડ તેમજ આઠ અને ૧૫ ડિવીજનની સરહદ પરથી વાપસી થઈ નથી. પાકિસ્તાનની સેનાના મોટી સંખ્યામાં જવાનો હથિયારો સાથે હજુ સજ્જ છે. રિપોર્ટમાં સરકારી સુત્રોને ટાંકીને હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાને સરહદ પર સૈન્ય ટુકડીઓની જે આક્રમક રચના કરી છે તેની પાછળ પાકિસ્તાની સેનાના અધિકારીઓ હોઈ શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધ દિન પ્રતિદિન વધારે ગંભીર અને વિસ્ફોટક બની રહ્યા છે. એવા હેવાલ પણ મળી રહ્યા છે કે પાકિસ્તાન ભારતના હુમલાના કારણે પરેશાન છે અને તે કોઈ પણ કિંમતે ભારતને નુકસાન કરવાની યોજના ધરાવે છે. આવી સ્થિતીમાં ભારતીય સેના સંપૂર્ણપણે એલર્ટ છે.

### વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જામની સ્થિતી રહી હતી. કેટલાક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતી રહી હતી. સવારનો સમય હોવાના કારણે લોકોને મુશ્કેલીનો સામવો કરવો પડ્યો હતો. લોકો જુદી જુદી જગ્યાએ અટવાયા હતા. બીજી બાજુ દિલ્હીમાં વરસાદના કારણે પ્રદુષણના ધુળથી હવાની ગુણવત્તામાં સુધારો થયો હતો. દરમિયાન ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટ દ્વારા ગઈકાલે જ આગામી કરવામાં આવી છે કે મોનસુન ચોથી જૂનના દિવસે સત્તાવારરીતે કેરળના દરિયાકાંઠે આવી પહોંચશે. સાથે સાથે જુલાઈના મધ્ય સુધી સમગ્ર દેશમાં મોનસુન આવરી લેશે. સમયસર વરસાદના પરિણામ સ્વરુપે ડાંગર, સોયાબીન અને કપાસ જેવા પાકની ખેતી પણ સમયસર શરૂ થઈ શકશે. સ્કાયમેટ દ્વારા આપવામાં આવેલી માહિતી ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોનસુનની કેરળ પહોંચવા માટેની તારીખ પહેલી જૂન હતી પરંતુ આ વખતે થોડાક મોડાથી કેરળ પહોંચવાની શક્યતા છે. મોનસુન મોડેથી હોવાના અહેવાલની સાથે સાથે એવી માહિતી પણ મળી રહી છે કે, આ વર્ષે સામાન્ય કરતા ઓછો વરસાદ થશે. આ સિઝન દેશના તમામ ચાર ક્ષેત્રોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થશે.

### ખરાબ હાલત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરેલીઓ રદ કરવામાં આવી હતી. એ રાજ્યના મુખ્યમંત્રીને ઉતારવામાં આવ્યું ન હતું. વડાપ્રધાનની સભા રદ કરવામાં આવી હતી. રાત્રે ૯ વાગે પરવાનગી મળી હતી. અમિત શાહની સભા રદ કરવામાં આવી હતી. તે લોકતંત્રની વિરુદ્ધ છે. તેમને લેફ્ટ, ભાજપા અને કોંગ્રેસનો ભય નથી. તેમને ભય બંગાળની જનતાનો છે. તેમને ડર છે કે, બંગાળની જનતા જો જાગી ગઈ તો મમતા બેનર્જી ઉભા પણ નહીં રહી શકે.

### રિફંડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્ષેત્રના એકમોના સપ્લાયર્સને જૂનથી જીએસટી રિફંડ આપમેળે મળવા લાગશે. કરદાતાઓને હેરાનગતિના થાય માટે તેમજ દાવાઓના ઝડપી નિકાલ કરવા માટે ઓનલાઈન સિસ્ટમ હેઠળ રિફંડ પ્રાપ્ત કરવાની યોજના પર આવકવેરા વિભાગ કામ કરી રહ્યું છે.

જીએસટી હેઠળ શૂન્ય કરવાળી સેવા પૂરી પાડનાર એકમો માટે રિફંડનો દાવો કરવા માટે બે વિકલ્પ છે. તે બોન્ડ/એલયૂટી (લેટર ઓફ અંડરટેકિંગ) હેઠળ એકીકૃત વગરના ટેકસની ચૂકવણી કરી નિકાસ કરી શકે છે તેમજ માલ પર દિધેલ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) પર રિફંડનો દાવો કરી શકે છે અથવા તો પછી તે એકીકૃત ટેક્સને ચૂકવણી કરી નિકાસ કરી તેના બાદ રિફંડનો દાવો કરી શકે છે.